# મેઘરજના છેવાડાના ગામડાઓમાં પાણીનો પોકાર






ઉનાળાની શરૂઆત થતા જ પાણી નાં પોકાર શરૂ થઈ ગયા છે. અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણી માટે પ્રજાજનો ભારે રઝળપાટ કરી રહ્યા છે. મેઘરજ તાલુકાના ઉન્ડવા ગામ સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ભારે તંગી સર્જાતા મહિલાઓ પીવાના પાણીની શોધમાં વહેલી સવારે નીકળેલી બેડા સાથેના દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે.

ઉન્ડવા ગામે પાણી પહોંચાડવાની તમામ વ્યવસ્થા ગોઠવ્યા પછી અગમ્ય કારણોસર સંપમાંથી ટાંકી ભરવામાં તંત્ર ઉણુ ઉતારતા કરોડો રૂપિયા ખર્ચી પાણી પૂરું પાડવાની યોજના હાલ તો નકામી બની રહેતા પ્રજાજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગામની મહિલાઓ અને બાળકો પણ વહેલી સવારે પાણીની શોધમાં નીકળી પડે છે પશુ પાલકો પશુઓ વેચવા મજબુર બન્યા છે.

અરવલ્લી જિલ્લાના સરહદી મેઘરજ તાલુકાની મેઘરજના ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલ ઉન્ડવા ગામની ઉન્ડવા ગામ છેવાડે આવેલ છે. આ ગામમાં છેલ્લા છ માસથી પીવાના પાણીની ભારે સમસ્યા પેદા થઈ છે. સરકારના પાણી પુરવઠા વિભાગ અને વાસ્મો યોજના હેઠળ ગામમાં પાણીની ટાંકી બનાવવામાં આવી છે. ગામમાં નળ કનેક્શન પણ આપવામાં આવ્યા છે પરંતુ છેલ્લા છ માસથી સંપમાંથી ટાંકી ભરવામાં આવતી નથી અને ટાંકીમાંથી ગામમાં પાણી આપવાના વાલ્વ નાખ્યા છે તેમાં પણ તાળા મારેલા છે. ગામ લોકો ક્યારેક ટાંકીમાં વધેલ પાણી લેવા ટાંકી ઉપર નાના બાળકોને ચડાવી ઘડા સાથે રાસ બાંધી પાણી ભરે છે. સામાન્ય રીતે દરરોજ વહેલી સવારથી જ ગ્રામજનો અને મહિલાઓને ઘરના તમામ કામ પડતા મૂકી પાણી પાછળ થઈ લાગવું પડે છે. ગામથી બહાર એક કિલોમીટર દૂર આવેલ ખેતરમાં ૫૦ ફૂટ ઊંડા કુવામાથી પાણી ભરવું પડે છે. પાણી એ જીવન જરૂરિયાતની મુખ્ય વસ્તુ છે. નાના બાળકોને સ્કૂલે મોકલવાના હોય ઘરમાં મૂંઘા દુધાળા પશુઓ ની માવજત ખેતીના કામ હોય આ તમામ કામ પડતા મૂકી પાણી માટે રઝળપાટ કરવી પડે છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. ત્યારે જો માણસોને પીવાનું પાણી નથી મળતું તો અબોલ પશુઓનું તો પૂછવું જ શુ પશુઓ પણ તરસે મરે છે. ગ્રામજનોએ આ બાબતે ચૂંટણી બહિષ્કારની પણ ચીમકી ઉચ્ચારી હતી. પણ સરકારી તંત્રએ આશ્વાસન આપી સમાધાન કરાવેલ ત્યારબાદ હજુ સુધી ગ્રામજનોની વ્હારે કોઈ અમલદાર આવ્યું નથી ત્યારે ગ્રામજનોને પાણી મળે એવી માંગ રહેલી છે.

## અરવલ્લી જિલ્લા પાણી પુરવઠા તંત્રની બેદરકારી : પાઈપલાઈપ પર વાલ્વની લીકેજની ઠેર ઠેર ઘટના

અરવલ્લી, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તરોમાં ઉનાળામાં પાણીની તંગીની સમસ્યા નિવારણ માટે પાઈપલાઈન મારફતે જળાશયોમાંથી પીવાનું પાણી પૂરું પાડવા કરોડો રૂપિયાના ખર્ચે વિવિધ યોજનાઓના નામે એંધાણ કરવા છતાં જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પાણી માટે પ્રજાજનો ટળવળી રહ્યા છે.



પાઈપલાઈન પર લગાવવામાં આવેલા વાલ્વમાં અને પાઈપલાઈનમાં સમારકામના નામે લાખ્ખો રૂપિયાનો ખર્ચો કરવા છતાં વાલ્વમાં વારંવાર ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. મોડાસાના વોલ્વા નજીક પાઈપલાઈન પર રહેલા એર વાલ્વમાં લીકેજથી પાણીની નદીઓ વહેતા પાણીથી વંચિત પ્રજાજનો અને ખેડૂતોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જીલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા દર વર્ષે લાખ્ખો રૂપિયા ખર્ચી ઉનાળા પહેલા પાઈપલાઈન અને એરવાલ્વમાં સમારકામ હાથ ધરવામાં આવે છે દેખાવપૂર્તિ અને ખાનાપૂર્તિ કામગીરી કરી અને સમગ્ર સમારકામ ફક્ત કાગળ પર રહેતા અને સમારકામના નામે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મીલીભગતથી રૂપિયા ખિસ્સામાં જતા રહેતા હોવાથી ઉનાળામાં જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટરની મીલીભગતનો ભોગ પાણીથી ટળવળવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના એક બેડા માટે મહિલાઓ બે થી ત્રણ કિલોમીટર રઝળપાટ કરે ત્યારે માંડ માંડ પીવાના પાણીનો જુગાડ કરી રહી છે. પાણીની અછતવાળા વિસ્તારોમાં પાણી પહોંચાડવા એસકે-૨ અને ૩ યોજના અને વાસ્મો યોજના અંતર્ગત પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી છે અને પાઈપલાઈન પર સંપ લગાડવામાં આવ્યા છે. પાણી પુરવઠાની બેદરકારીના પગલે જિલ્લામાં પાણીનો પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનમાં અનેક વાર ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વ્યય થઈ રહ્યો છે બીજીબાજુ પાણી વગર અનેક ગામો ટળવળતા જોવા મળે છે.

## મહેસાણા જિલ્લા મહેસુલી કર્મચારી વર્ગ ૩ના મંડળ દ્વારા એક લાખથી વધુ શહિદોને ફાળો

મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લા મહેસુલી કર્મચારી વર્ગ -૩ મંડળ મહેસાણા દ્વારા જિલ્લા કલેકટર એચ.કે. પટેલને રૂ.૧,૧૬,૨૦૦નો ફાળો પુલવામાના શહિદોને અર્પણ કરી પુષ્પાંજલી અર્પી હતી. મહેસાણા કલેકટર કચેરી અને તાબાની તમામ કચેરીઓના મહેસુલી કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવતું મહેસાણા જિલ્લા મહેસુલી મંડળના સહયોગથી પુલવામાના શહિદોને પુષ્પાંજલી અર્થે સ્વૈચ્છિક રકમ એકત્રીત કરી જિલ્લા કલેકટરને એનાયત કરી હતી. જિલ્લા કલકેટરે આ રકમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ કચેરીના અધિકારીને અર્પણ કરી હતી. આ પ્રસંગે મહેસાણા જિલ્લા મહેસુલી કર્મચારી વર્ગ ૩ મંડળના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ગીરીમાળાઓના નુકસાન મામલે વન્ય પ્રેમીઓ ચિંતિત

ભિલોડા,તા.૨૯

ગુજરાત રાજ્યના મીની કાશ્મીર તરીકે મશહુર ગણાતા સાબરકાંઠા જીલ્લાના વિજયનગર પંથકના નવાગામ,ઈટાવડી સહિત વિવિધ વિસ્તારોમાં સોળે કળાએ ખીલેલા જંગલમાં ઘટાટોપ વૃક્ષો ધરાવતા ડુંગરાળ વિસ્તારમાં ભીષણ આગ ભભુકી ઉઠતા વનરાજી અને વન્ય પ્રાણીઓને નુકસાન થઈ રહ્યું છે.વન્ય પ્રેમીઓની લાગણી દુભાઈ રહી છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે.

## દેશભરમાં રાજગરાના હબ તરીકે ડીસા માર્કેટયાર્ડનું નામ મોખરે

ડીસા, તા. ૨૯

દેશભરમાં રાજગરાના માર્કેટ તરીકે નામના પ્રાપ્ત ડીસા માર્કેટયાર્ડમાં રાજગરાની દિન-પ્રતિદિન આવક વધી રહી છે. સાથે સાથે રાજગરાની પણ વિપુલમાત્રામાં આવક નોંધાઈ રહી છે. દેશભરમાં રાજગરાના હબ તરીકે ડીસા માર્કેટયાર્ડનું નામ મોખરે છે. ત્યારે બનાસકાંઠા, ગુજરાત

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ અને સેક્રેટરી અમૃતભાઈ જોષીના કુશળ વહીવટના કારણે સીઝન દરમિયાન રાજગરાની ૮૦



અન્ય માર્કેટયાર્ડ કરતા ડીસાનો રાજગરાનો મોટો દાણો હોવાથી ગુજરાત સહિત અન્ય રાજ્યના વેપારીઓ દ્વારા રાજગરાની ખરીદી કરી દેશ-વિદેશમાં નિકાસ કરવામાં આવી રહી છે. આમ સીઝન દરમિયાન ડીસા માર્કેટયાર્ડમાં રાજગરાની ૮૦ હજારથી વધુ બોરીની આવક નોધાય છે.

બનાસકાંઠા જિલ્લાના આર્થિક પાટનગર ગણાતા ડીસા માર્કેટયાર્ડમાં રવી સીઝન દરમિયાન અન્ય ખેત પેદાશોની ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ ખેડૂતો પોતાનો માલ વેચવા માટે ડીસા માર્કેટયાર્ડમાં આવી રહ્યા છે. જ્યારે બનાસકાંઠા જિલ્લામાં રાજગરાના વધુ વાવેતરના કારણે ડીસા માર્કેટયાર્ડમાં રાજગરાનો દાણો અન્ય માર્કેટયાર્ડ કરતાં મોટો હોવાથી ડીસાના રાજગરાની માંગ દેશ-વિદેશમાં પણ વધી રહી છે. જેથી અન્ય માર્કેટયાર્ડોમાં રાજગરાના ભાવ ડીસા માર્કેટયાર્ડના ભાવ આધારિત ખરીદ વેચાણ થાય છે.

હજારથી વધુ બોરી નોધાય છે. જ્યારે ખેડૂતોને અન્ય માર્કેટયાર્ડ કરતાં સારો એવો પોષણક્ષમ ભાવ મળી રહ્યો છે. આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઇ જોષીએ જણાવ્યું હતું કે દેશભરમાં ડીસા પંથકના રાજગરાની માંગ વધી રહી છે. ડીસા-બનાસકાંઠાના રાજગરાનો દાણો મોટો હોવાથી ગુજરાત સહિત અન્ય રાજ્યો અને વિદેશમાં પણ નિકાસ કરવામાં આવે છે. જેથી ખેડૂતોને પણ પોતાના માલના પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે.

## વડગામમાં વારંવાર સર્જાતી ટ્રાફિક સમસ્યા

### સવાર અને સાંજના સમયે લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે

વડગામ, તા. ૨૯

વડગામ તાલુકા મથકે વારંવાર ટ્રાફિક સમસ્યા સર્જાતી હોવાથી લોકોને પારાવાર ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે.

વડગામમાં સવાર અને સાંજના સમયે વડગામ બસ સ્ટેન્ડથી સરકારી દવાખાના સુધી વારંવાર ટ્રાફિક સમસ્યા સર્જાતી રહી છે. પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યાનો કાયમી કોઈ ઉકેલ ન લવાતાં લોકોમાં પોલીસની ફરજ પ્રત્યે શંકાઓ ઉપજી રહી છે અને પોલીસ સામે કચવાટ ફેલાયલો જોવા મળી રહ્યો છે. વડગામમાં સરકારી દવાખાનાથી લઈને બસસ્ટેન્ડ તેમજ તાલુકા પંચાયતથી મામલતદાર કચેરી જવાના માર્ગ ઉપર તેમજ પાલનપુર જવાના માર્ગ ઉપર રોડની સાઈડમાં શટલીયા




મારતી જીપો બિંદાસ્તપણે ઊભી રાખીને લોકોને અડચણ બની રહી છે તેમજ રોડની આસપાસ દુકાન ચાલકો દ્વારા પણ પોતાના વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી બજાર વચ્ચે સાંકડા રોડ ઉપર વાહન ચાલકોને પસાર થવું મુશ્કેલ બની જાય છે એટલું ઓછું હોય તેમ રોડની સાઈડમાં લારીઓવાળા પણ રોડની બાજુમાં જ ઉભા થઈ જતાં હોવાથી રોજના વડગામ બજારમાં ટ્રાફિકના દ્રશ્યો સર્જાતા રહ્યા છે.

સવારે અને સાંજના સમયે બજાર વચ્ચેથી મોટા ડમ્પર વાહનો પસાર થતા હોવાથી ટ્રાફિકની સમસ્યા વકરતી રહી છે. પોલીસ દ્વારા રીક્ષા જેવા નાના વાહનોના ચાલકોને ડંડ કરાય છે જ્યારે ખુલ્લેઆમ રોડની આસપાસ ઉભા રહીને ઘેટાં બકરાંની જેમ મુસાફર ભરીને દોડતી જીપો પોલીસની નજરે કેમ આવતી નથી તેવી તરેહ તરેહની ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે.

જિલ્લા પોલીસવડા એક નજર વડગામમાં કરે તેવી લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

## ધનસુરાના જવાહર નવોદય વિદ્યાલય ખાતે સિલ્વર જ્યુબલી કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયને ૨૫ વર્ષ પૂર્ણ થતા સિલ્વર જ્યુબલી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અરવલ્લી જિલ્લા કલેકટર નાગરાજન એમ. ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૯૩ના વર્ષે શરુ થયેલ આ જવાહર નવોદય વિદ્યાલયને ૨૫ વર્ષ પૂર્ણ થતા આ કાર્યક્રમ નું આયોજન કરવામા આવ્યું હતુ. કાર્યક્રમમાં જવાહર નવોદય વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહાનુભાવોનું સ્વાગત કરવામા આવ્યુ હતુ. સાથે વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. સાથે ઉપસ્થિત મહેમાનોના હસ્તે વિદ્યાર્થીઓને મેડલ પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધનસુરા મામલતદાર મયંકભાઈ પટેલ, ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ એસ. પટેલ, ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, જયંતિભાઈ શાહ, યોગેશભાઈ ગોસ્વામી (પૂર્વ વિદ્યાર્થી) હાજર રહ્યા હતા.

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના ઈટાવડી, વાંસેરા અને શામળાજીના જંગલોમાં આજ

અરવલ્લી, તા. ૨૯

અરવલ્લી જિલ્લાની ગિરિમાળાઓ અને ગુજરાતના કાશ્મીર ગણાતા સાબરકાંઠાના વિજયનગર વિસ્તારના જંગલોમાં અને શામળાજી નજીકના છેલ્લા કેટલાક દિવસોથી એક પછી એક ડુંગર પર આગ લાગવાના બનાવો બની રહ્યા છે. જેના પગલે વનસંપદાને ભારે નુકશાન થઈ રહ્યું છે. શામળાજી નજીક વક્તાપુર અને વાંસેરા ગામ નજીક અને વિજયનગરના ઈટાવડીના જંગલ અને ડુંગર પર રવિવારે આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા વનવિભાગ તંત્ર અને સ્થાનિક લોકોના સહયોગથી ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધાર્યો હતો.

અરવલ્લીની ગીરીમાળાઓમાં સતત આગની ઘાટનો બનતા ડુંગર અને જંગલમાં આગ કોઈ અસામાજિક તત્વો દ્વારા લગાડી તેમના દ્વારા કિંમતી લાકડાની ચોરી છુપાવવા આગ લાગવડવામાં આવતી હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત



થઈ હતી. રવિવારે બપોરના સુમારે લાગેલી આગ રાત્રીના સમયે ભયાવહરૂપ ધારણ કર્યું હતું. શામળાજીના વાંસેરા, ભિલોડાના વક્તાપુર નજીક આવેલા ડુંગર અને જંગલ વિસ્તારમાં અને વિજયનગરના ઈટાવાડી ગામના જંગલમાં દવ લાગતા અને ડુંગર પર પ્રસરતા અફરાતફરી મચી હતી. આગ લાગતા જંગલમાં અને ડુંગર પર ઝડપથી પ્રસરતા ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોમાં ભય ફેલાયો હતો. ડુંગર પર દવ લાગતા વનવિભાગના અધિકારી અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

## મેઘરજના ડેરી કંપા નજીક જંગલોમાં આગ ભભૂકી ઉઠી

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ડેરીકંપાના જંગલોમાં દાવાનળથી વનરાજીને નુકાસાન થયું હતું. જોકે આગની ઘટનાઓ પર કાબુ મેળવવા તંત્ર લાચાર હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ગરમીનો પારો વધુ છે. ત્યારે આગ લાગવાની પણ ઘટનાઓ અવારનવાર બની રહી છે. મેઘરજના ડેરીકંપા ખાતે જંગલમાં ભીષણ આગ લાગવાથી વનરાજીને નુકસાન થવા પામ્યું છે. સામાન્ય લાગેલી આગ ધીરે-ધીરે ગામ તરફ પ્રસરી હતી જેના કારણે સ્થાનિક લોકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. જોકે ગ્રામજનોએ આગને રોકવા માટે પ્રયાસ હાથ ધર્યા હતા. ત્યારબાદ સ્થાનિક લોકોએ મોડાસા નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરતા ફાઈટર તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના કર્મચારીઓએ પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. આ પહેલા પણ અરવલ્લી જિલ્લાના જંગલોમાં દાવાનળની ઘટનાઓ બની ચૂકી છે. જોકે આ પ્રકારની ઘટનાઓ બંધ થવાનું નામ નથી લેતી. ત્યારે જોવાનું એ રહેશે કે હવે દાવાનળ ક્યારે બંધ થશે તે યક્ષ પ્રશ્ન બન્યો છે.

## ધનસુરામાં પૂ.નરસિંહદાદાના સાનિધ્યમા સત્સંગ મેળાવડો યોજાયો

ધનસુરા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં શ્રી પ્રગટ પૂ. નરસિંહદાદાના સાનિધ્યમા સત્સંગ મેળાવડો યોજાયો હતો. જેમાં શીવુદાદા પણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જિલ્લામાંથી ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. "સંત મેળાવડો એટલે પરમાત્માની નિજાનંદી સત્ય સ્વરૂપ દશાની સત્ય પુરુષોની કૃપા મેળવવાનું અજોડ પ્રગટ તીર્થ" આ મેળાવડામા શ્રી પ્રગટ પૂ. નરસિંહદાદાએ આશીર્વચન આપ્યા હતા જેનો સહુ ભક્તજનોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ધનસુરા સુંદરકાંડ પાઠ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ મેળાવડામાં



મહાપ્રસાદનું પણ આયોજન કરવામા આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ મહાપ્રસાદ લીધો હતો. આ કાર્યક્રમમાં ગોપાલદાસ બાપુ (પિલુન્દ્રા), ધનસુરા રામજી મંદિરના મહંત પૂરણશરણદાસજી મહારાજ, ઈશ્વરદાસજી મહારાજ, દીપકભાઈ સોની (અમદાવાદ) અને અરવલ્લી જિલ્લાના ભક્તજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.